અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૮-૧૯માં ફાળવેલ રૂ.૨૫.૦૦ કરોડની લોન અન્વયે અમલ કરવાની થતી યોજનાઓને વહીવટી મંજૂરી આપવા બાબત.....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:-અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૬/૦૬/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

1. વિભાગનો તા:૦૪/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:- અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ
2. વિભાગનો તા:૧૬/03/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ
3. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા: ૦૯/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ન.બા./૧૦૨૦૧૮/૫૪/પ્રો(3)/૧૬૦.

## આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના તા:૦૪/૦૫/૨૦૧૮ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને ૨૦૧૮-૧૯માં સીધા ધીરાણની યોજનાઓના અમલીકરણ માટે લોન પેટે કુલ રૂ.૨૫.૦૦ કરોડની રકમ ફાળવવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી તેમજ વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના તા:૧૬/03/૨૦૨૦ના ઠરાવથી વર્ષ:૨૦૧૮-૧૯માં ત્રણ નિગમો દ્વારા અમલ કરવાની થતી યોજનાઓને ચોક્કસ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-3 પરના તા:૦૯/૦૬/૨૦૨૦ના પત્રથી નિગમ દ્વારા વિભાગના તા:૧૬/03/૨૦૨૦ના ઠરાવના પાના નંબર-03ના ફકરા ક-૦૨માં દર્શાવેલ ટેબલનાં કોલમ-૭ "મહિલા સમૃધ્ધિ યોજના"ની લોનની પરત ચુકવણીનો સમયગાળો ૫ વર્ષના સ્થાને ૩ વર્ષનો સુધારો કરવા દરખાસ્ત કરેલ છે.

## ઠરાવ:-

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે આ નિગમની યોજનાઓને મંજૂરી આપતાં તા:૧૬/૦૩/૨૦૨૦ના ઠરાવના ફકરા ક્ર:૦૨માં દર્શાવેલ કોઠાના ક્ર:૦૫માં ઉલ્લેખિત "મહિલા સમૃધ્ધિ યોજના"ની સામે કોલમ-૭માં લોનની પરત ચૂકવણીનો સમયગાળો ૦૫ વર્ષના સ્થાને ૦૩ વર્ષ વાંચવાનો રહેશે.

આ વિભાગના તા:૧૬/૦૩/૨૦૨૦ના ઠરાવની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૧૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ-૨૦૨૦.